करज करी वरो करनार तथा करावनारनुं वर्णन.

रचीने प्रसिद्ध करनार

भवानीशंकर वि० नरोत्तम द्विवेदी.

नकल ३०००

मुंबई,
"निर्णयसागर" छापखानामां छाप्युं.

संवत १९४२. सन १८८६.

किंमत एक आनो.

જાહેર ખબર.

હાલમાં નીચે લખેલાં નવાં પુસ્તક અમારી દુકાને વેચવાનાં છે :—

કિંમત.

૧. સ્વરૂપાનુસંધાન રા. રા. ગૌરીશંકર ઉદયશંકર સી. એસ. આઈનું રચેલું (ગુજરાતીમાં) ... ૧–૮–૦

૨. શ્લોક બદ્ધ ગીતા કાશીના શાસ્ત્રી સદાનંદકૃત (સંસ્કૃતમાં) ૩–૦–૦

૩. તત્ત્વાનુસંધાન સ્વામિચિદ્‌ઘનાનંદજીકૃત (હિંદુસ્થાનીમાં છપાય છે).

સદરહૂ પુસ્તકો ભાવનગરમાં કવિ ભવાનીશંકર મિ૦ નરોત્તમ દ્વિવેદી પાસેથી પણ મળશે. ઠેકાણું રા. રા. ગગાભાઈ સાહેબની વાડીયે.

એ સિવાય વેદાંત, ન્યાય, વૈયાકરણ, પુરાણ વિગેરેનાં પુસ્તકો અમારી દુકાનેથી મળશે.

પંડિત જેષ્ઠારામ મુકુંદજી,
મુંબાદેવી સસ્કૃત બુકસેલર.

प्रस्तावना.

આર્યજનોની ઉત્કૃષ્ટ સ્થિતિનો અસ્ત કરવામાં અધુના ઘણાજ કુચાલો કુશળપણે વર્ત્તે છે તેમાંનો આ "करज करी वरो करवानो" ચાલ પણ એક છે. ઘણે ઠેકાણે જોઇએ છીયે કે કેટલાએક લોકો વિવાહપ્રસંગે અથવા ઉત્તર ક્રિયામાં પોતાની શક્તિ ઉપરાંત ખોટા દંભથી મિથ્યા-માન મેળવવા નાતવરા કરી ફૂલણજીનીપેઠે ફોકટ દુઃસહ દુઃખ વેઠે છે; માટે તે ચાલતો કુચાલ અસ્ત થવાના ઉદ્દેશ-થી આ "करज करी वरो करनार करावनारनुं वर्णन" ઔદિચ્ય બ્રા-હ્મણોની વર્ત્તમાન યથાસ્થિત રીતિને અનુસાર રચેલું છે. જેની અં-દર કે મોહોળા કુટુંબનો નિર્ધન બ્રાહ્મણ મુડીમાં માત્ર રહેવાનું એક ઘર મૂકી મરણ પામે છે. તે બીચારાનાં બૈરાં–છોકરાંઓની બહુ-જ દયા ઉપજાવનારી દુર્દશા દૃષ્ટિયે દેખતા છતા પણ માત્ર એક દિ-વસ ઉદર ભરવાના આશયથી અશુભેચ્છુ સ્વજ્ઞાતિજનો મરનારના મોહોટા છોકરાને ઘર.ઉપર કરજે રૂપીઆ લેઈ વરો કરવા કેવી ઉંધી સલાહ આપે છે અને તે પ્રમાણે પેલો મિથ્યાયશમાં આનંદ માન-નાર મૂર્ખ મોહોટો પુત્ર તેને માન્ય કરી કેવી ઉદારતાથી આગેવાની ધરાવે છે અને છેવટ તે કાર્યથી પરવારે પરભારે રસ્તે લેણદારોની ફરીઆદીથી ફજેતીના ફાળકા બની કોરટમાં કેવું ઘસડાવું પડેછે તથા ઘરનો પણ ઘાટ ઘડાઈ ગયે પૂર્ણ રીતે કેવું પસ્તાવું, રડવું અને રામપાત્ર લેઈ રખડવું પડેછે ઈત્યાદિ દર્શાવેલ છે.

સદરહૂ વિષય "ઉદિચ્યહિતેચ્છુ" ચોપાનીઆમાં મેં ઔદિચ્યની ઉન્નતિ આદિ વિષય સાથે આગળ આપેલ છે પણ તે છુટક છુટક અંકોમાં છપાયેલ તેથી અલાયદો ચૂંટી કાહાડી સહજ સુધારો વધા-

રો કરી છપાવવા માહારા સુજ્ઞ મિત્રો અને શુભેચ્છક ગૃહસ્થો તરફથી ઘણીવાર થયેલી ભલામણ ઉપરથી આજે તે પ્રમાણે કરીને સુજ્ઞ આર્યજનોની સેવામાં મૂકું છું અને આશા રાખું છું કે સર્વે આર્યબંધુઓ સદહૂ ઔદિચ બ્રાહ્મણનું ઉદાહરણ લેઈ એવા કુચાલને દૂર કરી સુચાલને સ્વીકારી સર્વે પ્રકારનાં સુખ સંપાદન કરશે.

નીતિ તથા ભક્તિ આદિ વિષયો સંબંધિ માહારી રચેલી કવિતાઓનો સંગ્રહ કોઈ સદ્ગૃહસ્થો તરફથી યોગ્ય આશ્રય મળેથી એક સાથે છપાવવા વિચાર છે પરંતુ હમણાં તો સર્વે ભાઈઓને સસ્તી કીંમતે લેવાને સુગમ પડે તેટલા સારૂ માત્ર આ એકજ વિષય બાહાર પાડુંછું. તેની અંદર કવિતા દોષ અને લેખક દોષ જે હશે તે સુજ્ઞજનો સુધારી વાંચશે એવી માહારી નમ્ર વિનતિ છે.

घोघानिवासी,

भवानीशंकर वि० नरोत्तम द्विवेदी.

श्री

करज करी वरो करनार, करावनारनुं वर्णन.

भुजंगी छंद.

અભિમાન પૂરી વિષે હિંદુઓમાં, હતો દાંભિકાનંદ દ્વિજોત્તમોમાં;
સ્થિતિ નિર્ધનીને પરીવાર મ્હોળો, સ્વભાવે ભલો ભાઈ ભૂદેવ ભોળો. ૧
હતો પુત્ર મિથ્યાયશાનંદ મ્હોટો, અવિચાર્યજી તેથિ શંભુજી છોટો;
પ્રભુયે કૃપા પૂર્ણ કીધી જનોની, ધરી ના દયા દ્રવ્ય આપી દીનોની. ૨
ગુજારે દિનો મ્હોટી મૂશ્કેલિ સાથે, પડયું અન્ન વસ્ત્રો તણું કષ્ટ માથે;
ભમી ભીખ માગે ન દે કોઇ કાંઈ, મળે જૂજ રાંધી જમે ના ધરાઈ. ૩
વડીલો તણું દ્રવ્ય ઉદારતાથી, ઉડાવ્યું સુતા સુતના સુવિવાથી;
વિચાર્યું ન મિથ્યાભિમાનીપણાથી, દિનો નિર્ગમીશું વિના દ્રવ્ય શાથી? ૪
ફર્યા દાંભિકાનંદ ફોગટ્ટ ફૂલે, કદી તાવડી તો ચડે ઘેર ચૂલે,
થયું મૃત્યુ તેનું શુણો એ સમામાં, પછીથી પડયા પુત્ર શી દુર્દશામાં. ૫

मनहर छंद.

ઘરમાં ન ચંટી બંટી વિના બાળ પાડે બૂમો,
બૈરિયો બિચારી ચીંથરે બે હાલ ચાલે છે;
દિન ઉદયાસ્ત થતાં સુધી શૂરા છોકરાઓ,
ચપટી ચપટી રટી રટી તેને આલેછે;

શાક ઘી સહિત ઘેર સાંસા પડે શીરાવાના,
પધરાવે પરઘેર ત્યારે ભલું ભાળેછે;
વાળ વધ્યા પણ પાઈ મળે નહિ મુંડાવાને,
એવી રીતે માત્ર ખાલી ઘરમાંહિ મ્હાલેછે. ૧

दोहरो.

દ્વિજ દાંભિકાનંદની, પડી દેહ જે દિન.;
તે દિનથી દ્વારે અડચા, દ્વિજો સકલ નિશદિન. ૧

चोपाया छंद.

એ ત્રણ દા'ડા થયે ભૂદેવો, ભોજન વાત ચલાવે;
મરનારાનાં મનુષ્ય તણી સ્થિતિ, લક્ષવિષે નવ લાવે. ૧
કોઇ કહે એ કયાંથી કરશે, શિરાવવાના સાંસા; '
બોલ્યો બીજો રે' છાનો તું, જો જે થાય તમાસા ! ૨
રે'વાનાં ઘર મુકે ઘરાણે, નહિ તો વેચી મારે;
પણ આપણને ખવરાવે, સુરમેશ્વર ઉપર ધારે. ૩
તે નિશ્ચય કરવા સમજાવી, સહુને ખૂપ ચડાવો !
ઘણા દિવસથી ઘી ચાખ્યું નથિ, આ અવસરે ઉડાવો. ૪
એ રીતે જ્ઞાતીના લોકનિ, શુભવાણી શુણિ કાને;
મોદીકેશ્વર મ્હેતાયે કહ્યું, દાંભિકના દિકરાને. ૫
કેમ અલ્યા ! નોતરાં લખ્યાં નથિ, આજલગી ભઈ શાથી ?
પછી પ્રવેશ થશે પંચકનો, બાળકને બુજ કયાંથી. ૬
વારૂ, પણ કાકી **ધનકોર** શું, નથી સમજતાં કાંઈ;
લાવ અમે લખિયે મળિને સહુ, કયાં કાગળ ને શાઇ ? ૭

અવિચાર્યજી કે'છે કાકા ! લ્યો, હમણાં હું લઈ આવું;
હર્ષભટે ત્યાં હા! હા !! કરતાં, ઝટ જાવા સમજાવ્યું. ૮
કપટેશ્વર વળિ આવી કે'છે, "કાકી ગાંડાં કા'ઢે;"
"જરી નજર નાખી નથિ પ્હોંચતિ, શું કરિશું આ દા'ડે" ૯
એ શુણિ **મિથ્યાયશઆનંદી**, પુત્ર હતો જે મ્હોટો;
વચમાં સત્વર વદ્યો સરોશે, વિચાર છે એ ખોટો; ૧૦
સમજૂ વૃદ્ધ તમો સહુ તેથી, રસ્તો બેશ બતાવો;
જેથિ કુલીન કુટુંબિ અમોને, મળે સુયશનો લા'વો. ૧૧

हरिगीत छंद.

શુણિ વાણિ પુત્ર વડા તણી ખુબ હર્ષ હૈયામાં ધર્યો,
પછિ એજ **મોદીકેશ્વરે** ઉપદેશ અતિશય આદર્યો;
તું છે વડો ગુણવાન નથિ નાદાન કહ્યું મુજ માનજે,
ત્હારૂં ત્રિમાતુળ શુદ્ધ કુળ આ મૂળથીજ પ્રમાણ જે. ૧
જોને હતા **જયનાથ** દાદા ને **ભુલેશ્વર** ભાઇ રે,
તેની પછાડી જે ક્રિયા કરિ તે રહી વખણાઇ રે;
દીધેલ લાણાં તાસ્ અભરામીતણાં ત્હારે ઘરે,
તેની વડાઈની વાત આખી નાત નિત ગાયન કરે. ૨
તો આજ આ પ્રાંજળ પિતા ત્હારા સુધા સંસ્કારિ ને,
ભોળા ભલા બ્રહ્મા સમાન કરો ક્રિયા તે ધારિને;
ખાસ્સી મજેથી નાતને ભલિભાત ભોજન ભાવથી,
દેવું ઘટે વળિ લાણું પણ કરજે અતી ઉત્સાહથી. ૩
જોજે તું કોઇ તણી કુશિક્ષાથી કદાપિ ચાલતો !
આ ઊંચ કુળ નિરમૂળ કરિને નામ ઉજળું ટાળતો !!

નથિ પાસ પૈસો તેથિ તું કદિ દીલમાં નહિ ત્રાસતો!
ત્ર્યર ઉપરે લઈશું ઘણા તું થઈશમાંજ ઉદાશ તો. ૪

इंद्रविजय छंद.

આ સઘળું મરનારતણા સુત **શંભુ** જીયે શુણ્યું ભાષણ ભારે,
ત્યાં ખુબ ક્રોધ ચડ્યો ચિતમાંહ અરે! અહિ દુષ્ટ શિ વષ્ટિ વિચારે;
તત્પર સ્વોદર પૂર્ણ થવા દ્વિજ રાક્ષસ પારકું કષ્ટ ન ધારે,
આ અમને રઝળી મરવા મતિ દૈ નિજ હુંડ વધારવિ ધારે. ૧
શું કરૂં નાંહિ ઇલાજ જુવો જુઠિ લાજ તણો શિરતાજ ધરેછે,
ભાઇ વડીલ અરે! મતિનો અરિ ફૂલણ માફક ફૂલિ ફરેછે;
ને અવિચાર્યિ જીને ન વિચાર મને વય બાર ગણી નનરે છે.
મ્હારૂં કહ્યું કશું કોઈ ગણે નહિ સૌ મળિ જ્યાં બકવાદ કરેછે! ૨

दोहरा.

તો પણ ક્રોધાવેશમાં, વધો **શંભુ** જી વાણ;
ઓ જ્ઞાતિજન સહુ તમો, નથી સ્થિતિથિ અજાણ. ૧
ઘરનાં ચાટે ઘંટિ સહુ, એવી દશા કનિષ્ઠ;
ત્યાં આવી ભટ ભાવથી, પૂરણ માગે પિષ્ટ. ૨
કહો ક્યાંથી એ આપશે! વિચારશો મતિવંત;
મારૂં ગજા પ્રમાણ કહો, ટાળી મિથ્યા તંત. ૩
બહુ દિનથી લાંબા નળા, ખાલિ પડેલા ખૂબ;
મિષ્ટાન્ને ફરિ પૂરવા, તર્ક રચ્યો તાજૂબ! ૪
વ્યાળુ વદશે વિપ્રને. પણ અમને અતિ હાણ;
શીદ અમારો કા'ડવા,—એહા ઘડિમાં ઘાણ. ૫

सवैया एकत्रिशा.

ત્યાં ભટ **મુક્તાનંદ** ભણેછે બકબક કર માં! તું છે બાળ,
નાત રીતિ કશિ સમજે શું તું? હજૂ પડેછે મુખથી લાળ;
જેને ઘેર અસંખ્ય દ્વિજોની પંક્તિ જમતી બહુ બહુ વાર,
તે શું! તેજ ઘરે બાવન પણ પૂરા થાય નહિં આ વાર!! ૧
એ શું વાત નહીં જેવીછે? દિક્ષિતનું ઘર ઉમદા આદ્ય!
જ્ઞાતિતણું ભૂષણ **ભૂલેશ્વર** જેના વાજે જયના નાદ;
શું તેઓનું ડુબાવવું છે? નામ મુરખના જામ કુપાત્ર!
ત્યાં તો **તડાકનંદ ત્રવાડી** કહેછે સાચી છે એ વાત. ૨
કેમ **ક્ષુધાશંકર** નથિ વદતા? દિગ્મુઢ સમ દેખો ટક ટક્ક,
કાલ પરમનાં જન્મેલાં શું! નાત વચે બોલે બક બક્ક!!
તું પણ મિથ્યાયશ! આ સમયે સમજૂ થઇ કયમ બેઠો ચૂપ,
શરમ તને છે મ્હોટો તેથી ખરચ ખુશીથી અતિશય તૂપ. ૩
વખાંણ ખોટાં શુણી વધા ત્યાં પુત્ર વડા **મિથ્યાયશાનંદ**;
મુંજાઓ છો ભઈ શામાટે સહુ શોચ તજી લ્યોની આનંદ;
રે'વાનાં નળિયાં વેચિ દઉ ફરૂં વિટાળી કકડો અંગ,
પણ ઉત્તમ નહિ નામ ડુબાવું જોઈ રહો રાખુંછું રંગ! ૪
માતપિતાનું ઉત્તર કારજ વળી વહૂનું શુભ સીમંત,
આજે નહિ ફરિ ફરિને કદિયે માટે કરવું રાખીખંત;
ઘર વેચી કરવાનું ધાર્યું વિદ્યાહીન મુરખે તે વાર,
સહર્ષ થઇ મ્હોટાઈ બતાવી જેમ ગૃહસ્થ અતી ઉદાર. ૫
દ્વિજ નિર્દય દુષ્ટોયે અતિશે જેમ ચડાવ્યો ચડ્યો અપાર,
મિથ્યાયશમાં મશગુલ બનિને વિપ્રપ્રતિ પછિ વદે વિચાર;

ચાલો **લઠેશ્વર કાકા** ને **હિંમતરામ** તમે સહુ સાથ,
જે જોઇએ તે ખરિદ કરીલ્યો હમણાં મળિને હાથો હાથ. ૬
સર્વે શોભા છે જ્ઞાતીની માટે શ્રમ કરિ લ્યો સાબાશ,
જ્ઞાતીલા સહુ કે'છે "ત્હારી ઈશ્વર પૂર્ણ કરો સહુ આશ;"
ચીજો સર્વે ચૌટામાંથી લેવા ચાલ્યા થઇ રળિયાત,
ત્યાં **પંડ્યા ઘૃતપ્રિય** પછિથી કહે "શુણજો મ્હારી છેલ્લી વાત. ૭
બીજી ચીજ ભલે લેજો પણ ઘૃત લેજો દેશી શ્રીકાર,
પત્રાલીમાં પડતાં ઝટપટ ઠરિ જાતાં લાગે નહિ વાર;
તેવું ખાસ્સું મજેનું લેવું જમિને દ્વિજ જન રાજી થાય,
પછિ **દાંભિક આનંદ દવે**ની કીર્ત્તિ સ્વર્ગે વિષે વખણાય." ૮
એ રીતે ભૂદેવો ભાવિક ભોજન મળવાનાં તે માટ,
ફાંદો ફેરવતા ખુબ ખુશિમાં ફરે અહીં તહિં તજી ઉચાટ,
અહીં હવે **મિથ્યાયશાનંદે** સામગ્રી કીધીછે સજ્જ,
રસોઈ કરનારાને કે'છે કરજો ધીરજ રાખી ધજ્જ. ૯
લઠેશ્વર પઠ્ઠેશ્વર પંડ્યા મંડ્યા ગોચરિ લઇ અલમસ્ત,
શાહેશ્વરે ચુરમેશ્વર શેક્યાં **બુડથલલાલે** બીજી વસ્ત;
ખરશંકર આદી કરનારા તેમાં શી ખામી કહે કોય,
ગોધાના **પિર પાગડશાને**ા જાણે મલિદો બનિયો હોય!

उपजाति छंद.

દ્વિવેદિની જ્યાં થઈ દ્વાદશા ત્યાં, વિપ્રોતણાં વૃંદ સહૂ ધસ્યાં ત્યાં;
ભલી કડે કામળિયો કશી છે, જો જોષ્ટિકા સ્કંધ કરે વશી છે. ૧
ધરી સહૂ સુંદર દોરિ લોટો, પંથે પડ્યા દૂરથિ કા'ડિ દોટો;
કરી ખરી ખાંખરની ખુવારી, ગુંદાળીની ગુંદિ કરીજ ભારી. ૨

ભલા ભિડી પત્રતણાજ ભાથા, ગાતા ગળી ચેપલિનીજ ગાથા;
અહો સહૂ એવિ રિતેજ આવ્યું, રે પ્યાદલે ગામ બહૂ ગજાવ્યું. ૩
હજૂ જુવો દૂર ભૂદેવ ભાવે, જાણે શૂરા સૈન્ય સજી શું આવે !
ચડાઈ ચૂમેશ્વર ઊપરે આ, આવ્યા કરી ભુક્ત ભટો અરે આ. ૪
પ્રવેશમાં પાદરથીજ લાખો, વીખ્યાં છજાં કૈકતણીજ પાંખો;
પછી પુરીમાં જઈ ફોજ જેની, પત્રાળિની ઢાલ સજે મજેની. ૫
હજૂ સહૂ સાવધ થાયછે ત્યાં, **મિથ્યાયશાનંદ** વળી વદે ત્યાં;
અહો! દ્વિજો! ભાગ્ય સુભાગ્ય મ્હારાં, જે દર્શનો આજ થયાં તમારાં. ૬
કરો તયારી ઝટ સ્નાનનીરે, વેળા થવા આવિછ સાંજનીરે;
કહેછ ત્યાં તો પડિ પંક્તિ પોળે, નાખ્યા કઈ કૈક રખ્યાજ શોળે. ૭
પુરી રહી નાહિ જરી અધૂરી, જ્યાં જૈ જુવો ત્યાં દ્વિજ પંક્તિ પૂરી;
શરૂ થયું પાત્ર પ્રરીશવાનું, બીજા જનોને બન્યું નિર્ખવાનું. ૮
ભલા ભૂદેવો તણિ પંક્તિ ભાળી, આશ્ચર્ય પામ્યાં જન ગર્વ ટાળી;
"મહા ગૃહસ્થો થકિ ના થવાયે, ભિક્ષુકના તુલ્ય ખરે વરાયે." ૯

तोटक छंद,

કરિ તાસ સમાન મજેનિ ખિલી, લિધિ પાસ જુવો પતરાળિ લિલી;
અતિશે ચુરમેશ્વર માંહિ ભર્યાં, ઘૃત તાંબડિ ધારથિ જાય તર્યાં. ૧
ખુબ ચોળિ મચોળિ કરે કચર્યું, જયમ ગારિયું ગારનું હોય કર્યું;
પતરાળિ નિચે જળ કૂપ ભરી, ઠરવા કરિ યુક્તિ ઉમંગ ધરી. ૨
દડિયા દ્વિદળા દશ શેરતણા, ભરિ પાસ ધર્યાં દહિ નાહિ મણા;
રસિકેશ્વર સ્વાદુ કરી ચટણી, જમવા લિધિ લ્હેઝતદાર ઘણી. ૩
રસિયા કઇ તો લઈ રૈંગણને, ભડથું કરિ ભાવથિ રાખ્યું કને;
કઈ તો લઈ માખણિયાજ મુળા, પતરાળિ વિષે કરિયા ઢગળા. ૪

ચુરમેશ્વર ખાઇ શકાય બહૂ, ઉપચાર કરે દ્વિજ તેથિ સહૂ;
કશણી ચુરમું પછિ પંક્તિવિષે, ઉઠિ કૈંક ગયા મળવાજ મિષે.
"કયમછે ભટજી! ખુશિમાં સહુછે? કયમ! ભાઇ ન આવિ શક્યા કશુંછે?"
'ક્યમ વ્યાસજી! આસન ક્યાં કર્યુંછે?' જઈ જોઇ પુછે 'ન ઠર્યું ઠર્યુંછે?' ૬
વડિલો થઇ નાતતણા કઈ તો, કરતા તજવીજ ફરે તહીં તો;
'પરિશાયું નથી! અહિયાં પરિશો!! કયમ પીરસનાર શું સુસ્ત દિસો!!!' ૭
ખરચાય પરાયું શિ ધાસ્તિ હૃદે. ખરચો ખુબ તૂપ સુ વાણિ વદે;
મિથિયાયશ મગ્ન સહર્ષ થતો, ધરિ મો'ટપ ફૂલિ ફરે ફરતો. ૮
દ્વિજ સૌ મળિ ખૂબ વખાણ કરે "થતિ આવિઠ આ રીતિ આધ ધરે;
ધનછે ધન **દાંભિકના** સુતને! દ્વિજ ભોજન કોણથિ થાય!! અને.—૯
ધરિ હિંમત હોંશથિ કોણ કરે? કુળદીપક ધન્ય તને ધનરે! !
જળ રેલ પડે ઘૃત ધાર વહે, મન ખુલ્લું મુકી યશ પ્રાપ્તિ ચહે" ૧૦
જમતાં જમતાં સુવખાણ કરે, ગ્રહિ શેરતણા ત્રણ ગ્રાસ ભરે!;
પુરિનાં જન તો સહુ જોઈ રહ્યાં!! ઝટ પાતળ ખાલિ દ્વિજે કરિયાં!!!૧૧
નહિ ગર્જ કશી રહિ ભાતતણી, જમિં ઉઠિ ગયા નિજ સ્થાન ભણી;
દ્વિજ સૌ દિન એ લગિ ભુક્ત કરી, કરવા વળિ લાણું ઠરાવ્યું ફરી. ૧૨
લઈ લાણું ભૂદેવ વિદાય થયા, **મિથિયાયશાનંદ** વિમાસિ રહ્યા;
અતિ હર્ષ હતો,ઉશકેરણિથી, પણ જાણ પડી પછિ પાછળથી. ૧૩

वसंततिलका छंद.

ક્રિયા દ્વિવેદિનિ ગયે દિન બે થયા જ્યાં,
સૌ લેણદાર લઈ નામુંજ આવિયા ત્યાં;
ઠેકાણું પાસ પઈનું નહિ કાંઈ, જેથી,—
ફૂર્યાદિયો પડિ પછી થઇ જો ફજેતી. !! ૧

જેને હજાર ફિટકાર જનો વદે રે,
દેરાય દ્વિજ દરરોજ અદાલતે રે;
હાથે કરી અકથ દુઃખ ખરીદિ લીધું,
કોર્ટે ખરૂં હુકમનામુંજ તૂર્ત કીધું. ૨
જેથી થયું જરૂર એ ઘર જપ્ત જ્યારે,
ઘંટીય બંટિ કંઈ નીકળિયું ન ત્યારે;—
કાંડે કશી પછિથિ તો સકુટુંબ કા'ડ્યો,
આવ્યો ન કોઇ ભડવીર ભૂદેવ આડો. ૩
ડુંડી પિટાવિ ઘર તો હરરાજ કીધું,
ઉત્પન્ન દ્રવ્ય થયું તે સહુ વ્હેંચિ દીધું;
આ ભાઈ તો ભટકતાજ રહ્યા ભિખારી,
ગાળે દિનો પરમ પોકરશ્રાદ્ધ સારી !! ૪

दोहरो.

પોતે પુત્ર પ્રિયા મળી, પૂર્ણ કરે પોકાર;
અન્ન ઉદકથી ટળિ ગયાં, ગયાં ટળી ઘરબાર. ૧

ललितछंद.

ઘર હતું અરે એક તે ગયું, રઝળતું હવે રાનમાં રહ્યું;
પ્રભુજી શી મતી આપિ તે સમે, સમજ ના પડી તે હવે દમે. ૧
મળિ મહા દ્વિજો દુષ્ટ તેમણે, ભ્રમવિ ચિત્તને ભોળવ્યો મને;
સુયશ પ્રાપ્તિની હોંશથી હુંતો, સળગતી અતી ગ્હે વિષે સુતો. ૨
કુમતિ આપિ ત્હેનું બુરૂં થજો, જરૂર દુષ્ટનો વંશ રે જજો;
વિબુધને દઈ બોધ લાગતો, ભવતણો કિધો ભીખ માગતો. ૩

ખબર તો પછીથી પડી ખરે, અરર તે સમે ના વિચાર્યું રે;
સુમતિ શંભુજીની ન મેં ધરી, મુરખ હું વિમાસું ફરી ફરી. ૪
દિવસ દુઃખના વેઠિયા સદા, સ્વપનમાં સુખી ના થયા કદા;
અરર વસ્ત્રના સ્રીતને* મળે, ભુખથિ બાળ ટા'ડેથિ ટળવળે. ૫
સખત દુઃખ દેખ્યું ન જાયરે, વગર અગ્નિયે લાગિ લ્હાયરે;
પડતિ આ નથી કેમ કાયરે! અરર હાયરે!! હાય હાયરે!!! ૬

शिखरिणी छंद.

તહાં આવી કે'છે સુજન શ્રવણે શબ્દજ પડે,
રડે શાને ભાઈ શુણુ થઈ થવાની તુજ વડે;
ગયા સૌ સ્નેહી ક્યાં? ધુળ ફકવિ શું શાંતજ થયા?
રહ્યા છો એકીલા, ક્યમ જરિ ન ત્હારી ધરિ દયા. ૧
"ભલે દુઃખી થાઉં રઝળિ મરિ જાઉં પણ ભલે,
તથાપિ સત્ક્રિયા પિતુતણિ કરૂં આ શુભ પળે;
લહું આશીષો હું વળિ અચળ કીર્ત્તિ લહું બહુ,"
અરેરે! એ બોલ્યું તુજતણું ગયું ક્યાં વહ્યું સહુ. ૨
હવે આ ચાખો સૌ અતિફળ મળ્યું આશિષતણું,
નડ્યું એતો નિશ્ચે મુરખ તુજ મિથ્યાયશપણું;
ચડાવી સર્વે તો ગિરિથિ ગગડાવી દુર ગયા,
અરે એ દુષ્ટોના દઠર દિલમાં હોય ન દયા. ૩

अनुष्टुप् छंद.

શુણી સજ્જનની શિક્ષા, પડે છે તેમને પદે;
એ મિથ્યાયશ આનંદી, વદે છે કંઠ ગદ્ગદે. ૧

---

* સ્રીના શરીર ઉપર.

સોરઠો.

ભલું કહોછો ભ્રાત! વાત સત્ય સમજાય છે;
પસ્તાવો પશ્ચાત્, થાય હાય હું શું કરૂં! ૧

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જ્ઞાતીનાં સહુ લોક આ શુણિ પછી શું મશ્કરીઓ કરે!
"મુર્ખે ચિત્ત વિચાર્યુંના પ્રથમથી થાયે શું રોઈ મરે!!
કોઈ કૂપ વિષે કહે ઉતરવા શું કોઇ કૂપે પડે?
કોઈ કહે શુળિયે તું ભાઈ ચડિજા! શું કોઇ શૂળે ચડે? ૧
આ તો અક્કલનો અરિ ખુશિ ધરી સૌએ ચડાવ્યો ચડયો,
ત્યારે તો પડવું પછીથિજ રહ્યું જૈ કષ્ટ કૂપે પડયો."
પ્હેલાં જે જઇને વખાણુ કરતાં તે આજ નિંદે સહુ,
માટે હું ધરિ દિલ્ગિરી સ્તુતિ કરી સર્વે જનોને કહું. ૨
આવું કોઈ કદી ન કાર્ય કરશો સ્વજ્ઞાતિ લેજો શુણી,
આ **મિથ્યાયશાનંદ**ની ઉલટતા કહો છેલ્લિ કેવી પુણી?
પાસે દ્રવ્ય દિધુંછ પૂર્ણ પ્રભુયે તે તો કરો સૌ ભલે,
જે કર્જે લઈ શક્તિ વીણ કરશે તેની થશે આ વલે. ૩
છું સ્વજ્ઞાતિ શુભેચ્છુ સેવક સદા રાખુંછું એ આશરે,
સર્વે ચાલ કુચાલ તૂર્ત તજી દો કષ્ટો થશે નાશ રે;
કહે ઔદિચ્ય ભવાનીશંકર દવે ધોધા વિશે વાસ રે,
રે'વું મૂળ વળા નરોત્તમસુત સ્વજ્ઞાતિનો દાસ રે. ૪

સૂચના.

સદર્હુ પુસ્તક તથા વૃષભાનઆખ્યાન જે સજ્જનોને જોઈએ તેમને નીચે લખેલ ઠેકાણેથી ટપાલ ખર્ચસાથે રોકડી કીંમતે મંગાવી લેવાથી મળશે.

મુંબઇમાં— પંડિત જેઠારામ મુકુંદજી પાસેથી ઠેકાણું મંમાદેવી દક્ષિણ દરવાજે.

,, માસ્તર કાશીરામ વિ૦ રામજી જાની કોટ હોળી ચકલો.

અમદાવાદ—ઉદિચહિતેચ્છુ સભાના મંત્રિ પાસેથી.

,, ગૂજરાતવર્નાક્યૂલર સોસાઈટીમાંથી.

ઘોઘા— મૂળશંકર વિ૦ નરોત્તમ દ્વિવેદી પાસેથી.

ભાવનગર— રચનાર પાસેથી.

,, ઉદિચહિતેચ્છુ સભાના મંત્રિપાસેથી.

,, ખેડુતના મંત્રિ દુર્લભરામ વિ૦ રામજી જાની પાસેથી ભાદેવાણીની શેરીમાં.

વળા— તાલુકા સ્કૂલમાસ્તર હરજીવનદાસ માધવજી પાસેથી.

સીહોર— તાલુકા સ્કૂલમાસ્તર લક્ષ્મીશંકર જયશંકર પાસેથી.

પાલીતાણા—ભટ અંબાશંકર જેરામ પાસેથી.

ભવાનીશંકર વિ૦ નરોત્તમ દ્વિવેદી.